પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪ | ૧૫ એપ્રિલ, ૨૦૨૨, શુક્રવાર; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

પ્રધાનમંત્રી સંગ્રહાલય દેશની ધરોહર : મોદી

દેશના તમામ વડાપ્રધાનોના સંગ્રાહલયનું મોદીએ ઉદ્‌ઘાટન કર્યું : ઉદ્‌ઘાટન બાદ પહેલી ટિકિટ તેમણે ખરીદી અને પછી એક ઝલક જોવા માટે અંદર ગયા : દિલ્હીમાં આવેલા આ મ્યૂઝિયમમાં ૪૦થી વધારે ગેલેરી છે અને લગભગ ૪ હજાર લોકો એક સાથે ફરી શકે તેવી વ્યવસ્થા : આવનારી પેઢી સત્ય નિહાળશે : મોદી

નવી દિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં બધા વડાપ્રધાનના જીવન અને યોગદાન પર આધારિત પ્રધાનમંત્રી સંગ્રહાલયનું આજે ઉદ્ઘાટન કર્યું છે. પીએમ મોદી લગભગ ૧૧:૦૦ વાગ્યે ત્રણ મૂર્તિ ભવનમાં નેહરુ સ્મારક અને સંગ્રહાલય પહોંચ્યા હતા જ્યાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી કિશન રેડ્ડીએ તેમનું સ્વાગત કર્યું હતું. બાદમાં તેમણે મ્યુઝિયમની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ શિલાપટ્ટનું અનાવરણ કરીને મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન બાદ પહેલી ટિકિટ તેમણે ખરીદી અને પછી એક ઝલક જોવા માટે અંદર ગયા હતા. આ શુભ શરૂઆત સંવિધાન નિર્માતા બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જયંતિના અવસર પર કરવામાં આવ્યો છે. આ અવસર પર પૂર્વ કેન્દ્રીય મંત્રી એમ જે અકબર પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ દેશના યુવાઓ અને વાલીઓને પ્રધાનમંત્રી સંગ્રહાલય જોવા માટે દિલ્હી આવવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, અહીં આવનાર લોકો દેશના પૂર્વ વડાપ્રધાનના યોગદાનથી રૂબરુ થશે. તેમનું જીવન અને તેમના સંઘર્ષ વિશે જાણવા મળશે. આ મ્યુઝિયમ દેશની ધરોહર છે અને આવનારી પેઢી તેમાંથી સત્ય જોશે.આપણા ઘણા વડા પ્રધાન સાધારણ પરિવારમાંથી આવ્યા હતા. ગરીબ પરિવાર, ખેડૂત પરિવારમાંથી આવીને વડાપ્રધાન બનવું એ દેશના યુવાનોને અને દેશને વિશ્વાસ અપાવે છે કે, સામાન્ય પરિવારમાં જન્મ લેનાર વ્યક્તિ પણ ઉચ્ચ સ્તર પર પહોંચી શકે છે. આ મ્યૂઝિયમમાં ૪૦થી વધારે ગેલેરી છે અને લગભગ ૪ હજાર લોકો એક સાથે ફરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ મ્યૂઝિયમ ઝડપથી બદલાઈ રહેલા ભારતની તસવીર વિશ્વને બતાવશે.

આ અમારી સરકારનું સૌભાગ્ય છે કે, દિલ્હીમાં અમે બાબા સાહેબના મહાપરિનિર્વાણ

● અનુસંધાન પાન-૭ પર

ચીનમાં ૨૪ કલાકમાં ૨૬ હજારથી વધુ કોરોનાના કેસ

શાંઘાઈમાં લોકો એક ટાઇમ જમવા મજબૂર

નવી દિલ્હી,તા.૧૪

ચીનમાં કોરોના વાયરસની ત્રીજી લહેર કાબૂ બહાર થઈ રહી છે. કડક પ્રતિબંધો છતાં ચીનમાં કોરોનાના રેકોર્ડ કેસ સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૬ હજારથી વધુ કેસ નોંધાયા છે. આ દરમિયાન ભારતે શાંઘાઈમાં તેની કોન્સ્યુલર સેવાઓ બંધ કરી દીધી છે. ચીની પ્રશાસને બુધવારે કહ્યું કે ૧૨ એપ્રિલે કોરોનાના ૨૫,૧૪૧ નવા કેસ નોંધાયા છે, જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

ઓઈલ ઈન્ડિયા લિ. પર સાયબર એટેક

૫૭ કરોડની ખંડણી માગી : હેકરોએ કંપનીની આઇટી સિસ્ટમ અને કોમ્પ્યુટર હેક કરી

નવી દિલ્હી, તા.૧૪

ભારતની જાહેર ક્ષેત્રની ઓઈલ ઈન્ડિયા લિમિટેડ પર સાયબર એટેક થયો છે અને હેકરોએ ૭૫,૦૦,૦૦૦ યુએસ ડોલરની ખંડણી માગી છે. ભારતીય ચલણમાં આ રકમ રૂ. ૫૭ કરોડ જેટલી થાય છે.

ઓઈલ ઈન્ડિયાના અસમમાં આવેલા હેડક્વાર્ટર પર રેનસમવેર વાયરસથી સાયબર એટેક કર્યો છે. હેકરોએ કંપનીની આઈટી સિસ્ટમ અને કોમ્પ્યુટર પર સાયબર એટેક કરીને તેને હેક કરી લીધા છે અને તેને મુક્ત કરવામાં માટે રૂ. ૫૭ કરોડની ખંડણી માગી છે. સાયબર અપરાધીઓએ આ રકમ બિટકોઈનમા ચૂકવવાની શરત મૂકી છે.

કંપનીએ જણાવ્યુ કે, આ એટેક ૧૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ જિયોલોજિકલ અને રિજરવાયર ડિપાર્ટમેન્ટ પર કરાયો હતો, પરંતુ તેની જાણકારી આઈટી વિભાગે મંગળવારે આપી હતી. હેકરોએ કંપનીના નેટવર્ક, સર્વર અને ક્લાઈન્ટના કોમ્પ્યુટરને પણ નુકસાન પહોંચાડ્યુ છે.

કંપનીના મેનેજર (સિક્યોરિટી) સચિવ કુમારે જણાવ્યુ કે, ઓઈલ ઈન્ડિયા એ

અખિલેશ સામે શિવપાલ અને આઝમખાન હાથ મિલાવી શકે

યુપીમાં સમાજવાદી પાર્ટીમાં આંતરિક ઘમાસાણ

લખનૌ, તા.૧૪

યુપીમાં વિધાનસભાની ચૂંટણી બાદ સમાજવાદી પાર્ટીમાં આંતરિક ઘમાસાણ ચાલી રહ્યુ છે. એક તરફ અખિલેશ યાદવથી તેમના કાકા શિવપાલ યાદવ નારાજ છે ત્યારે પાર્ટીનો મુસ્લિમ ચહેરો મનાતા આઝમ ખાન પણ અખિલેશથી નારાજ હોવાની ચર્ચા શરૂ થઈ છે. જોકે આઝમ ખાને સત્તાવાર રીતે તો કોઈ એવુ નિવેદન આપ્યુ નથી પણ તેમના મીડિયા પ્રભારી એક પછી એક નિવેદનો આપી રહ્યા છે અને તેને આઝમ ખાનનુ સમર્થન હોવાનું કહેવાય છે.

● અનુસંધાન પાન-૭ પર

બ્લેક સીમાં વિસ્ફોટ થવાથી રશિયન યુદ્ધ જહાજ તબાહ

યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે રશિયાને સૌથી મોટો ઝટકો : રક્ષા મંત્રાલયે જણાવ્યું છે કે યુદ્ધ પોતમાં આગ બાદ વિસ્ફોટ થયો, પરંતુ હજુ આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી

મોસ્કો,તા.૧૪

યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે રશિયાને એક સૌથી મોટો ઝટકો લાગ્યો છે. જાણવા મળી રહ્યું છે કે બ્લેક સીમાં થયેલા વિસ્ફોટમાં રશિયન મિસાઈલ ક્રુઝર નષ્ટ થઈ ગયું. ત્યારબાદ

File Photo

મિસાઈલ ક્રૂઝર 'ર્ઝાદૃટ્ટ' ના ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા. આ જાણકારી રશિયાના સંરક્ષણ મંત્રાલયે આપી. રક્ષા મંત્રાલયના મતે, આ વિસ્ફોટમાં મિસાઈલ ક્રૂઝરને પણ ઘણું બધુ નુકસાન થયું છે. રક્ષા મંત્રાલયે જણાવ્યું છે કે યુદ્ધ પોતમાં આગ બાદ વિસ્ફોટ થયો. પરંતુ હજુ આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. સ્લાવા ક્લાસ મિસાઈલ ક્રૂઝર ૧૯૭૯માં લોન્ચ કરવામાં આવી હતી. તેમાં ૧૬ એન્ટી શિપ મિસાઈલ અને ઘણી એર ડિફેંસ મિસાઈલ, ટોરપીડોઝ અને ગન તૈનાત છે. આ રશિયન યુદ્ધ જહાજ બ્લેક સી ફ્લીટમાં સામેલ છે અને ફેબ્રુઆરીથી યુક્રેન સામેના યુદ્ધમાં પણ ભાગ લઈ રહ્યું છે. બીજી બાજુ, યુક્રેનના ઓફિસરોએ બુધવારે સાંજે દાવો કર્યો હતો કે ઓડેસામાં છુપાયેલી તેમની નેપ્ચ્યુન એન્ટિ-શિપ મિસાઈલોની બેટરીએ ર્ઝાદૃટ્ટ ને બે વાર ટક્કર આપી હતી. યુક્રેન તરફથી જે લોકોએ દાવો કર્યો છે તેમાં ઓડેસામાં લશ્કરી વહીવટના વડા મેક્સિમ માર્ચેંકો, કિવમાં ગૃહ મંત્રાલયના સલાહકાર એન્ટન ગેરાસેંકોનો સમાવેશ થાય છે. જો કે, યુક્રેનના અધિકારીઓએ પોતાના દાવાને લઈને કોઈ પુરાવા રજૂ કર્યા ન હતા. એક યુક્રેની ટેલિગ્રામ ચેનલે પહેલા તેના વિશે એક પોસ્ટ કરી હતી, જોકે પછીથી તેને ડિલીટ કરી નાખી હતી.

આંધ્રમાં કેમિકલ ફેકટરીમાં ભીષણ આગ

આંધ્રપ્રદેશમાં મોડી રાત્રે કેમિકલ ફેક્ટરીની લેબમાં ભીષણ આગ ફાટી નીકળતા ૬ લોકોનાં કમકમાટીભર્યા મોત : કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં થયેલા અકસ્માતમાં ૧૧ લોકો ગંભીર રીતે ઘાયલ, સારવાર અર્થે વિજયવાડાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

નવી દિલ્હી,તા.૧૪

આંધ્ર પ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લાના અક્કીરેદ્દીગુડેમમાં બુધવારે મોડી રાત્રે એક કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં મોટી દુર્ઘટના બની છે,

આ ઘટનામાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા. કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં થયેલા આ અકસ્માતમાં ૧૧ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જેમને સારવાર અર્થે વિજયવાડાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે વિકરાળ આગે કેમિકલ ફેક્ટરીના બે માળને પોતાની લપેટમાં લઈ લીધા હતા, જ્યાં ૧૭ કામદારો કામ કરી રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે અકસ્માતમાં મૃત્યુ પામેલા મોટાભાગના લોકો બિહારના રહેવાસી હતા અને પશ્ચિમ ગોદાવરી જિલ્લાના

અક્કીરેદ્દીગુડેમ સ્થિત પોરસ લેબ્સ પ્રાઈવેટ લિમિટેડમાં નાઈટ શિફ્ટમાં કામ કરતા હતા. વેસ્ટ ગોદાવરી જિલ્લાના એસપી રાહુલ દેવ શર્માએ જણાવ્યું છે કે, 'પોરસ

● અનુસંધાન પાન-૭ પર

૧૫ વર્ષમાં ભારત ફરી બનશે અખંડ રાષ્ટ્ર : મોહન ભાગવત

આરએસએસના વડાએ કહ્યું કે સનાતન ધર્મનો વિરોધ કરનારા કહેવાતા લોકોનો પણ તેમાં સહયોગ છે : રાઉતે કહ્યું- પહેલા PoKને જોડવું પડશે

નવી દિલ્હી, તા.૧૪

આરએસએસના સર સંઘચાલક મોહન ભાગવતે ૧૫ વર્ષમાં ભારત એક સંયુક્ત રાષ્ટ્ર બનવાની કલ્પના કરી છે. હરિદ્વારમાં તેમના પ્રવાસ દરમિયાન તેમણે જણાવ્યું છે કે સનાતન ધર્મ એ હિંદુ રાષ્ટ્ર છે. ભારત ૧૫ વર્ષમાં ફરી અખંડ ભારત બનશે અને આ બધું આપણે પોતાની આંખોથી જોઈશું. તેમણે જણાવ્યું કે અમે માત્ર અહિંસાની વાત કરીશું, પરંતુ આ વાત હાથમાં

લાકડી લઈને કહીશું. આપણા મનમાં કોઈ દ્વેષ, દુશ્મની નથી, પણ દુનિયા માત્ર શક્તિને જ માનતી હોય તો આપણે શું કરીએ?

આરએસએસના વડાએ કહ્યું કે સનાતન ધર્મનો વિરોધ કરનારા કહેવાતા લોકોનો પણ તેમાં સહયોગ છે. જો તેણે વિરોધ ન કર્યો હોત તો હિંદુ જાગ્યા ન હોત, કારણ કે તે સૂતેલા છે. તેમણે જણાવ્યું કે, ભારતનો ઉદય થશે તો ધર્મથી જ ઉદય થશે. સરસંઘચાલક

● અનુસંધાન પાન-૭ પર

કપાસની આયાત પર ૩૦ સપ્ટે. સુધી કસ્ટમ ડ્યૂટી માફ

નવી દિલ્હી, તા.૧૪

નાણા મંત્રાલયે બુધવારે મહત્વનો નિર્ણય લીધો છે અને કપાસની આયાત પર ૩૦મી સપ્ટેમ્બર સુધી કસ્ટમ ડ્યુટી માફ કરવાની જાહેરાત કરી છે. મંત્રાલયના આ નિર્ણયના કારણે વસ્ત્ર ઉદ્યોગને ફાયદો થશે અને ગ્રાહકોને પણ ઓછી કિંમતે વસ્ત્ર મળી રહેશે. નાણા મંત્રાલયના આ નિર્ણય બાદ ટેક્સટાઈલના વેપારીઓમાં ખુશીનો માહોલ વ્યાપ્યો છે.

હાલ કપાસની આયાત ઉપર ૫% બેઝિક કસ્ટમ ડ્યુટી (બીસીડી) અને ૫% કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેસ (એઆઈડીસી) લાગે છે.

અભિનંદન

શ્રી અજયભાઈ એચ. પટેલ

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક તથા ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ એચ. પટેલ સાહેબશ્રી તાજેતરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન તરીકે ચૂંટાયા તે બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

----● શુભેચ્છક ●----

જીલુભા ધાંધલ

- ચેરમેન -

રેડક્રોસ ગાંધીનગર જિલ્લા

ડો. પ્રદીપભાઈ ગગલાણી

- વાઈસ ચેરમેન -

રેડક્રોસ ગાંધીનગર

ગુટકાના વેપારી પાસેથી ૬૭ કરોડથી વધુની રોકડ મળી

હમિરપુરમાં ૧૨ એપ્રિલે સીજીએસટીએ દરોડો પાડ્યો હતો : સ્ટેટ બેંકના કર્મચારીઓ ૩ મશીન અને મોટા-મોટા ટ્રંક લઈને આવ્યા અને આશરે ૧૮ કલાક સુધી ગણતરી ચાલી

હમીરપુર, તા.૧૪

ઉત્તર પ્રદેશના હમીરપુર

ખાતે ગત ૧૨ એપ્રિલના રોજ સેન્ટ્રલ ગુડ્સ સર્વિસ ટેક્સ વિભાગની ટીમે એક ગુટકાના વેપારીના ત્યાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ગુટકાના વેપારીના ત્યાંથી ૬ કરોડ ૩૧ લાખ ૧૧ હજાર ૮૦૦ રૂપિયા મળી આવ્યા હતા. ખાસ વાત એ છે કે, ગુટકાના વેપારીએ આ રોકડ રકમ બેક બોક્સની અંદર મુકી હતી.

આ પૈસાની ગણતરી માટે સ્ટેટ બેંકના કર્મચારીઓ ૩ મશીન અને મોટા-મોટા ટ્રંક લઈને આવ્યા હતા. આશરે ૧૮ કલાક સુધી ચાલેલી ગણતરી બાદ તે રૂપિયા ટ્રંકમાં ભરીને લઈ જવામાં આવ્યા હતા. ટીમની સાથે આવેલા ડેપ્યુટી કમિશનરે આ મામલે કશું પણ બોલવાની મનાઈ કરી દીધી હતી. તેમણે ફક્ત એટલું જ જણાવ્યું હતું કે, જોઈન્ટ કમિશનરે સર્ચ વોરન્ટ આપ્યું હતું અને તેના પર આ કાર્યવાહી કરવામાં આવી છે.

૧૭ એપ્રિલે સૂર્યોદય પહેલા ચાર ગ્રહ એક લાઈનમાં આવવા લાગશે

આગામી ૧૭ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધી શનિ, મંગળ, શુક્ર અને ગુરુ એક સીધી રેખામાં જોવા મળશે

નવી દિલ્હી,તા.૧૪

ટૂંક સમયમાં સૌર મંડળમાં એક અદ્‌ભૂત નજારો જોવા મળશે. જોકે, ૪ મહત્વપૂર્ણ ગ્રહ એક જ લાઈનમાં આવવાના છે. ગ્રહોને આવી સીધી રેખામાં આવવાથી આકાશમાં અદ્‌ભૂત નજારો જોવા મળશે. ખગોળ પ્રેમીઓ માટે આ સ્થિતિ કોઈ ભેટથી ઓછી નહીં હોય. આગામી ૧૭ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધી શનિ, મંગળ, શુક્ર અને ગુરુ એક સીધી રેખામાં જોવા મળશે. ૧૭ એપ્રિલે સૂર્યોદય પહેલા જ એક ગ્રહ એક લાઈનમાં આવવા લાગશે, પરંતુ સૌથી ખુબસુરત નજારો ૨૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ દેખાશે. આ દિવસે તમામ ચારેય ગ્રહો એક સાથે એક લાઈનમાં હશે. આ અદ્‌ભૂત નજારાને જોવાનો યોગ્ય સમય ૨૦ એપ્રિલે સૂર્યોદય પહેલાનો રહેશે. ખુશીની વાત એ પણ છે કે ૪ ગ્રહો આ રીતે એક જ રેખામાં દેખાતા આ સુંદર નજારો ભારતમાં પણ જોઈ શકાશે.